**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


તા.૨૨/03/૨૦૧૮ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૫૫૯/૧૮**

## પેટ્રોલીંગ દરમયાન લુંટ કરવાની ટેવ વાળા રીઢા ઇસમોને પકડી પાડતી

## રાણીપ પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.ખાસ પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર ૧ અમદાવાદ શહેર તથા મે.ના.પો.કમિ.સા.શ્રી ઝોનં ૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે.મ.પો.કમિ.સા.શ્રી "એલ" ડીવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ અધિકારી શ્રીઓની સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટર જે.જી.પટેલ રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓએ રાણીપ પોલીસ સ્ટેશન હદવિસ્તાર માં તથા આજુબાજુ ના પોલીસ સ્ટેશન વિસ્તાર માં તથા અમદાવાદ શહેર વિસ્તાર માં ચેઇનસ્નેચિંગ ના તેમજ અન્ય મિલ્કત સંબધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારુ જરૂરી સુચના કરેલ હોય જે સુચના આધારે સર્વેલન્સ સ્કોડ ના પો.સબ.ઇન્સ પી.આર.ભાંગા તથા સાથે બીજા સર્વેલન્સ સ્કોડ ના પોલીસ સ્ટ્રફના માણસો સાથે રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તાર માં પેટ્રોલીંગ દરમયાન ખાનગી બાતમી હકિકત આધારે રાણીપ જી.એસ.ટી ફાટક પાસે જાહેર માં આજરોજ તારીખ ૨૧/૦૩/૨૦૧૮ ના કલાક ૧૫/૦૦ વાગ્યે આરોપી (૧) રુપસીંગ ઉર્ફે રુપલો સ/ઓ બચ્ચનસીંગ જાતે ભાદા (ચીખલીકર) ઉવ.૨૧ ધંધો ડ્રાયવિંગ રહે.ભુંડવાળાના છાપરા સીટી ગોલ્ડ સિનેમાની સામે તોલનાકા સાબરમતી અમદાવાદ શહેર તથા (૨) કાયદાના સંઘર્ષ માં આવેલ બાળક ઓતારસીંગ સ/ઓ લાખનસીંગ જાતે ટાંક ઉવ.૧૭ ધંધો મજુરીકામ રહે.ભુંડવાળાના છાપરા સીટી ગોલ્ડ સિનેમાની સામે તોલનાકા સાબરમતી અમદાવાદ શહેર તથા મુળ રહે.આયોજન નગર ગાંધી પોલીસ ચોકીની પાછળ પાણીની ટાંકી પાસે કલોલ તા.કલોલ જિ.ગાંધીનગર નાઓ બન્ને ની અંગજડતી તપાસ દરમયાન સોનાની ચેઇનો નંગ ૦૩/-જે તમામ ની કિ.રુ ૯૫૦૦૦/-ગણી શકાય તે તથા એક હીરો સ્પ્લેન્ડર પ્લસ મો.સા જેની આગળ તથા પાછળ આર.ટી.ઓ નં.GJ-1-SM-0762 લખેલ છે જે મો.સા નો એ.નં HA-10 EJEHG 14545 તથા ચે.નં MBLHA-10 AMEHG 29602 જેવો લખેલ વંચાઇ છે જે મો.સા ની કિ.રુ ૩૫૦૦૦/-ગણી શકાય તે જે તમામ સોનાના ચેઇનો નંગ ૦૩/- તથા મો.સા નો કુલ્લે કિ.રુ

૧૩૦૦૦૦/-ગણી શકાય તે મળી આવતા તપાસ અર્થે કબજે કરી આરોપી તથા કાયદાના સંઘર્ષ માં આવેલ બાળક વિરુધ્ધ માં કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવેલ છે હાલમાં કાર્યવાહી ચાલુ છે આ કામે મળી આવેલ મુદામાલ બાબતે નિચે મુજબ ના ગુનાઓ શોધાયેલ છે તારીખ ૨૧/૦૩/૨૦૧૮

(૧) રાણીપ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુરનં ૨૨/૨૦૧૮ ધી ઇપીકો કલમ ૩૯૨.૧૧૪ મુજબ
મુદામાલ એક સોનાનો ચેઇન ખજુરી ડીઝાઇનનો તુટેલ હાલત નો કિ.રુ ૩૫૦૦૦/-ગણી શકાય તે

(૨) ચાંદખેડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુરનં ૫૪/૨૦૧૮ ધી ઇપીકો કલમ ૩૭૯.૩૫૬.૧૧૪ મુજબ
મુદામાલ એક સોનાની ચેઇન મીલન ડીઝાઇનનો તુટેલ હાલત ની કિ.રુ ૨૫૦૦૦/-ગણી શકાય તે

(૩) ચાંદખેડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુરનં ૫૫/૨૦૧૮ ધી ઇપીકો કલમ ૩૭૯.૩૫૬.૧૧૪ મુજબ
મુદામાલ એક સોનાની ચેઇન મણકા સાથે ની તુટેલ હાલત ની કિ.રુ ૩૫૦૦૦/-ગણી શકાય તે

(૪)સાબરમતી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુરનં ૩૦/૨૦૧૮ ધી ઇપીકો કલમ ૩૭૯.મુજબ
મુદામાલ એક હીરો સ્પ્લેન્ડર પ્લસ મો.સા નં.GJ-1-SM-0762 જેનો એ.નં HA-10 EJEHG 14545 તથા ચે.નં MBLHA-10 AMEHG 29602 લખેલ વંચાઇ છે જે મો.સા ની કિ.રુ ૩૫૦૦૦/-ગણી શકાય તે

---

<u>**સુરક્ષા સેતુ રથ:**</u>

**જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ**









નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.